તા. ૦૩-૦૬-૨૦૨૫

દિવ્ય ભાસ્કર પેજનં.૦૨

# એ બધું જે તમે જાણવા માગો છો

- **ફાઈનલની ટિકિટ મળવાની હજુ કોઈ શક્યતા છે?**
  સોમવારે સાંજે પણ ટિકિટ બુકિંગ સાઈટ પર 45 હજારનું વેઈટિંગ હતું.
- **પોતાના વાહનમાં આવનારા માટે શું વ્યવસ્થા છે?**
  સ્ટેડિયમ આસપાસ 12 પાર્કિંગ સ્લોટ રહેશે. શો માય પાર્કિંગ એપ પરથી ઓનલાઈન બુકિંગ કરાવવું પડશે. 4 પાર્કિંગ સ્થળેથી શટલ સર્વિસ મળશે. કાર માટે 4500 અને ટુ-વ્હીલર માટે 3500ની ક્ષમતા છે.
- **મેટ્રો અને સિટી બસ માટે કેવી વ્યવસ્થા હશે?**
  મેટ્રો રાત્રે 12.30 સુધી ચાલુ રહેશે. મેચ મોડી પતે તો ટ્રીપ વધારાશે.દર 5 મિનિટે મેટ્રો મળી રહેશે. બે કોરિડોરમાં કુલ 26 ટ્રેન દોડશે. રૂ.50ની પેપર ટિકિટ લેવી પડશે. પ્રેક્ષકોના ધસારાને ધ્યાનમાં રાખી એએમટીએસ પણ વધારાની 102 બસ મોડે સુધી દોડાવશે.
- **પેપર ટિકિટ એડવાન્સમાં ક્યાંથી મળી રહેશે?**
  નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, જૂની હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ, જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી ખરીદી શકાશે.
- **સ્ટેડિયમમાં કઈ વસ્તુ નહીં લઈ જઈ શકાય, એન્ટ્રી કેટલા વાગ્યાથી?**
  પ્રેક્ષકો નાનું પર્સ અને મોબાઈલ ફોન સિવાય કશું જ લઈ જઈ શકશે નહીં. બપોરે 4.30 વાગ્યાથી સ્ટેડિયમમાં પ્રવેશ શરૂ થઈ જશે. સ્ટેડિયમની બહાર નીકળી જશો તો ફરી એન્ટ્રી મળશે નહીં.
- **વરસાદમાં મેચ ધોવાય તો રિઝર્વ ડે છે? જૂની ટિકિટ ચાલશે?**
  ફાઈનલ મેચ માટે બુધવારે રિઝર્વ ડે છે, વરસાદ કે અન્ય કોઈ સંજોગોમાં મેચ પડતી મુકાય તો મંગળવારની ટિકિટો બુધવારે ચાલશે.

## બપોરે 2થી જનપથ ટીથી સ્ટેડિયમ સુધી રોડ બંધ

વીવીઆઈપી સહિતના લોકો આવવાના હોવાથી તકેદારીના ભાગરૂપે મંગળવારે બપોરે 2 વાગ્યાથી રાતના 12 વાગ્યા સુધી સ્ટેડિયમની આસપાસના તમામ રસ્તાઓ વાહનચાલકો માટે બંધ રહેશે. જેમાં જનપથ ટીથી મોટેરા સ્ટેડિયમના મેઈન ગેટ થઈ કૃપા રેસિડેન્સી ટી થઈ મોટેરા ગામ ટી સુધીનો રસ્તો વાહનચાલકો માટે બંધ રહેશે. મેટ્રો પણ રાત્રે મોડે સુધી દોડશે.

## આ વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે

- વાહનચાલકો તપોવન સર્કલથી ઓએનજીસી ચાર રસ્તા થી વિસત ટીથી જનપથ ટી થઈ પાવર હાઉસ ચાર રસ્તા થઈ પ્રબોધરાવળ સર્કલ સુધી અવર જવર કરી શકાશે.
- કૃપા રેસિડેન્સી ટી થઈ શરણ સ્ટેટસ ચાર રસ્તા થઈ ભાટ કોટેશ્વર રોડ થઈ એપોલો સર્કલ તરફ અવર જવર કરી શકાશે.